# ગાંધીનગર અભેદ સુરક્ષા કવચમાં ફેરવાઈ જશે

**શહેરમાં આયોજીત ડિફેન્સ એક્સ્પોમાં ભારતના વડાપ્રધાન સહિત દેશ-વિદેશથી વીવીઆઈપી મહેમાન ગાંધીનગરને આંગણે આવવાના છે ત્યારે તેમની સુરક્ષામાં કોઈપણ જાતની કમી રહી ન જાય તે માટે શહેરને કિલ્લેબંધીમાં ફેરવી દેવામાં આવશે**

ગાંધીનગર,તા.૨

ગાંધીનગર શહેરમાં આગામી તા.૧૦થી ૧૪ માર્ચ ચાર દિવસીય ડિફેન્સ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં આયોજીત ડિફેન્સ એક્સ્પોમાં ભારતના વડાપ્રધાન સહિત દેશ-વિદેશથી વીવીઆઈપી મહેમાન ગાંધીનગરને આંગણે આવવાના છે. ત્યારે તેમની સુરક્ષામાં કોઈપણ જાતની કમી રહી ન જાય તે માટે શહેરને કિલ્લેબંધીમાં ફેરવી દેવામાં આવશે. શહેરના સેકટર-૧૧, સેકટર-૧૭ હેલીપેડ અને મહાત્મા મંદિર, શહેરના માર્ગો અને પ્રવેશદ્વારો પર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત હજ્જારો પોલીસ જવાનો ખડે પગે ફરજ પર તૈનાત રહેશે. ડિફેન્સ એક્સ્પોની અભેદ સુરક્ષા માટે દેશના ડિફેન્સ સચિવ સાથે ટોચના અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બે કલાક ચાલેલી આ બેઠક આઈપીએસ અધિકારીઓની બદલી માટે નહી, પરંતુ ગાંધીનગર આવતા પીએમ સહિત દેશ વિદેશના વીવીઆઈપીની સુરક્ષા માટેની હતી. શહેરના શહેર તરફ જતા તમામ માર્ગો પર પોલીસની બાજ નજર ગોઠવાઈ ગઈ છે. એડવાન્સ સિક્યુરીટી લાયઝનીંગ માટે દિલ્હીથી એસપીજીના અધિકારીઓ પણ આવી પહોંચ્યા છે. ચેતક કમાન્ડો અને સીઆઈએસએફની ટીમને પણ સક્રિય થઈને કામે લાગી છે. ત્યારે વિશાળ નેટવર્ક ધરાવતા ગાંધીનગર રેન્જના વડા અભયસિંહ ચુડાસમાના નેતૃત્વમાં ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા ની મહત્વની જવાબદારી છે. ત્યારે શહેરમાં એક તરફ વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું છે અને બીજીતરફ ચાર દિવસ માટે ડીફેન્સ એક્સ્પોનું આયોજન છે. જેને પગલે ગાંધીનગર શહેર પોલીસની અભેદ સુરક્ષા કવચમાં ફેરવાઈ જશે.

## ગુજરાતના અગ્રણી રાજવીઓએ 'ધ લીલા ગાંધીનગર'ની મહેમાનગતિ માણી

**અમદાવાદ શહેરની ૬૧૧મી વર્ષગાંઠના ઉજવણીના ભાગરૂપે યોજાયેલા કાર્યક્રમમાં બાબા માણેકનાથજીના વંશજો પણ હાજર રહ્યાં**





ગાંધીનગર, તા.૦૨

અમદાવાદ શહેરના સ્થાપક ગુરુ બાબા માણેકનાથના વંશજો સહિત ગુજરાતના અગ્રણી રાજવંશી મહાનુભાવો જેમાં માંડવગઢના પુંજાબાપુ વાળા, માંગરોળના ફાતિમા શેખ, ઈડરના મહારાજા ભગીરથસિંહજી અને રાણી સાહેબા, ગોંડલના યદવેન્દ્રસિંહજી જાડેજા અને ક્રિષ્નાકુમારીજી તથા ઈન્દ્રસિંહજી અને શ્રીમતી સોનલ મહુરકરજી વગેરેએ "ધ લીલા ગાંધીનગર"ની વિશિષ્ટ ભારતીય રેસ્ટોરન્ટ "દિયા"માં આહલાદક અને સ્વાદિષ્ટ ભોજનનો અનુભવ કરાવતી મહેમાનગતિ માણી હતી. આ ભવ્ય આયોજન અમદાવાદ શહેરની ૬૧૧મી વર્ષગાંઠના ઉજવણીના ભાગરૂપે કરવામાં આવ્યું હતું. આ મોંઘેરા મહેમાનોની યાદીમાં આધ્યાત્મિક માર્ગદર્શન આપનાર બાબા માણેકનાથજીના વંશજો પણ હતા જેમણે વર્ષ ૧૪૧૧માં અમદાવાદ શહેરની શિલારોપણ વિધી કરી હતી. આ સાથે સુબોધ નાથ, અભિષેક નાથ તથા માણેકનાથજીની ગાદીના ૧૩મા મહંત ચંદનનાથ પણ હાજર હતા.

"ધ લીલા ગાંધીનગર"ના જનરલ મેનેજર જયદીપ આનંદે જણાવ્યું હતું કે "ઉત્કૃષ્ટ રસોઈકળા એ "ધ લીલા ગાંધીનગર"ની ખાસિયત અને મહત્વપૂર્ણ ભાગ છે અને "દિયા" તેની સંપૂર્ણપણે ખાતરી આપે છે. અમે ગુજરાતના રાજવીઓ અને બાબા માણેકનાથના વંશજોની યજમાનીથી ખુબ જ સમ્માનિત થયાનો ગર્વ અનુભવીએ છીએ અને અમદાવાદ શહેરની વર્ષગાંઠની પૂર્વસંધ્યા કરતાં વધુ સારો અવસર આ માટે શું હોઈ શકે! અમારા માટે એક સમ્માનની વાત છે કે અમને "ધ લીલા ગાંધીનગર"ની અજાયબીઓ દર્શાવવાનો અવસર પ્રદાન થયો, જે અમદાવાદ અને ગાંધીનગર શહેરની વાસ્તવિક વૈભવતાનું પ્રતીક છે. અમારા મહેમાનોનું રસોઈકલાના ખજાનામાંથી પસંદીદાર ઉત્તમ અને સ્વાદિષ્ટ વાનગીઓથી આવકાર થયું હતું, કબાબ તથા કરીઝથી લઈને પસંદ કરેલા ઈન્ગ્રેડિએન્ટ્સથી તૈયાર થયેલ સ્થાનિક વાનગીઓ પ્રાચીનથી આધુનિક ભારતની રસોઈકળાની સફર કરાવે છે. માસ્ટર શેફ મોહમ્મદ જાવેદ દ્વારા મહેમાનોને ઉત્તર-પશ્ચિમ પ્રદેશની શ્રેષ્ઠ વાનગીઓ પણ પીરસવામાં આવી હતી".

"ધ લીલા ગાંધીનગર" એ ૩૧૮ રૂમ ધરાવતી સુંદર હોટલ છે અને તેમાં આધુનિક ભવ્યતાઓની સાથે સાથે ગુજરાતની ધબકતી જૂની પરંપરાઓ રજૂ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રસોઈકળાની સફર કરાવતી "દિયા" ગુજરાતની સ્થાપત્ય કળા દર્શાવતા ઈન્ટિરિયરથી સજ્જ છે. શેમ્પેઈન ગોલ્ડ દિવાલો અને વેનિશ્યન મિરર્સ તથા આર્ટ વર્કથી સુશોભિત શ્રેષ્ઠ સ્થાન છે. તેની સિલ્વર મેટાલિક છત અને આધુનિક ઝુમ્મરનું સંયોજન ભોજનનો એક જાદુઈ અનુભવ કરાવે છે.

## સિવિલ હોસ્પિટલના માત્ર ૪૦ સીસીટીવી કેમેરા જ કાર્યરત

**જ્યારે હોસ્પિટલમાં લગાવેલા ૧૦૭ કેમેરા દેખાવ પુરતા**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૧૪૭ સીસીટીવી કેમેરા લાગેલા છે. પરંતુ તંત્રના ભોગે માત્ર ૪૦ કેમેરા જ કાર્યરત છે.જયારે બાકીના ૧૦૭ કેમેરા માત્ર દેખાવ પુરતા જ છે. સિવિલમાં કેમેરા શરુ ન હોવાથી વાહનચોરી તેમજ અન્ય સમસ્યાઓ અટકવાનું નામ લેતી નથી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાવ થી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર થાય છે. જેને પગલે ગાંધીનગર ઉપરાંત આસપાસના શહેરી-ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ પણ સારવાર માટે સિવિલ ખાતે આવે છે.ત્યારે સિવિલની ઓપીડી બિલ્ડીંગ અને તાત્કાલીક વિભાગ ધમધમતો રહે છે. સિવિલમાં નાગરીકોની આવન જાવન વધુ હોવાથી આડેધડ વાહન પાર્કિંગને પગલે વાહનચોરીના બનાવો વધુ બને છે. તો બીજીતરફ ક્યાંક દર્દીના સગા અને સ્ટાફ વચ્ચે પણ ચકમક ઝરતી હોય છે. જયારે વોર્ડમાંથી મોબાઈલ ચોરી કે અન્ય ચીજવસ્તુઓની ચોરીના બનાવો પ્રકાશમાં આવે છે. જયારે કોરોના સમયમાં દર્દીના શરીર પરથી દાગીના પણ ગાયબ થયાના કિસ્સા સામે આવ્યા હતા.પરંતુ સિવિલ હોસ્પિટલમાં તીસરી આંખ સમાન લગાવેલા ૧૪૭ સીસીટીવી કેમેરામાંથી માત્ર ૪૦ કાર્યરત હોવાથી ચોર શખ્સો આબાદ છટકી જાય છે. જયારે સિવિલ તંત્ર પાસે પણ માત્ર એક જ સર્વર ચાલુ છે. જેથી ગણતરીના અને ચોક્કસ વિભાગના કેમેરા કાર્યરત છે.જયારે બાકીના કેમેરા સર્વર ન હોવાથી બંધ છે. જયારે કેમ્પસમાં આગામી સમયમાં વધુ ૧૯૦ જેટલા કેમેરા ફીટ કરવામાં આવનાર છે. ત્યારબાદ સિવિલ કેમ્પસના તમામ વિભાગ, વોર્ડ, કોલેજ,હોસ્ટેલ, ગેટ સહિતના વિસ્તાર ત્રીસરી આંખમાં કેદ થઈ જશે.

## શહેરમાં સતત બીજે દિવસે ૩ કેસ કોરોનાના નોંધાયા

**ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે એક પણ કેસ નહિ : શહેર-જિલ્લામાં ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સતત બીજે દિવસે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે એક પણ કેસ નોંધાયો નથી.

કોરોનાનું સંક્રમણ ઘટતાં અને રિકવરી રેટ વધતાં તંત્રએ રાહત અનુભવી છે. જો કે કોરોના ગાઈડલાઈન્સનું ચુસ્ત અમલીકરણ થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં બે મહિલા દર્દી અને ૫ વર્ષના એક બાળકનો સમાવેશ થાય છે.

શહેરના સે. ૩૦ માં આજે માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ ઉપરાંત સે. ૨૫ માં એક ૨૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શહેરમાં આજે નોંધાયેલા ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૧૦ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૪ ટકાને પાર કરી ગયો હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરમાં ૩૮ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૫ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેર-જિલ્લામાં મળી ૨૨૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો તંત્રએ દાવો કર્યો છે. છુટા છવાયા કેસો મળી રહ્યા છે તે વાતનો સ્વીકાર પણ તંત્ર કરી રહ્યું છે.

## ચિલોડા ચોકડી પાસે ખાટલામાં સુઈ રહેલા આધેડની પથ્થર મારી હત્યા

**મૃતકના માનમાં વેપારીઓએ દુકાનો બંધ રાખી, સ્થાનિક નાગરીકોએ હુમલાખોરને પકડી પોલીસને હવાલે કર્યો,**

ગાંધીનગર, તા.૨ફોટો

ગાંધીનગર ચિલોડા ચાર રસ્તા પાસે આરોગ્ય કેન્દ્ર નજીક ગતરાત્રીના સમયે ગલ્લા પાસે ખાટલામાં સુઈ રહેલા આધેડ પર અજાણ્યા શખ્સે પથ્થર મારી હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે હત્યા કરનાર શખ્સને આસપાસના વેપારીઓએ પકડી પાડી પોલીસને હવાલે કર્યો હતો. જયારે હત્યા કયાં કારણોસર થઈ તે અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે આજે ચિલોડાના દુકાનદારો અને વેપારીઓએ મૃતક નરોત્તમભાઈના માનમાં દુકાનો તેમજ લારી-ગલ્લા બંધ રાખ્યા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પ્રાથમિક શાળા પાસે રહેતી યુવતિ ચિલોડા ચોકડી પાસે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે ગલ્લો ચલાવે છે. આ ગલ્લા પર તેણીના પિતા નરોત્તમભાઈ લવજીભાઈ સોલંકી પણ બેસીને વેપાર કરતા હતા. ત્યારે ગઈકાલે સાંજે પાંચ વાગે યુવતિ ગલ્લા પર આવી હતી અને રાત્રીના નવા વાગ્યાના અરસામાં તેના પિતા આવ્યા હતા. નરોત્તમભાઈ ગલ્લા પર આવ્યા તે પહેલા રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં એક શખ્સ પોલીસ ચોકીની દિવાસ પાસે આવીને ઉભો રહ્યો હતો. આ શખ્સ ગલ્લા સામે જોઈ રહ્યો હતો તેમજ થોડી થોડી વારે તેની નજર યુવતિ પણ પડતી હતી. ત્યારબાદ નરોત્તમભાઈ ખાટલામાં સુઈ રહ્યા હતા, તે દરમિયાન અજાણ્યો શખ્સ તેમની પાસે ગયો હતો. જેથી યુવતિને કોઈ મુસાફર હશે અને કંઈ પુછવા આવ્યો હશે. પરંતુ યુવતિ કંઈ પણ વિચારે તે પહેલા શખ્સે આધેડના માથાના ભાગે પથ્થર મારી દોડી ગયો હતો. આ દ્રશ્ય જોઈ યુવતિ પણ તેની પાછળ દોડતા તે યુવતિને પણ મારવા આવતા તે નજીક પડેલી રીક્ષામાં સંતાઈ ગઈ હતી. તે સમયે કોઈએ બુમ પાડી કે તારા પિતાજીના માથામાંથી લોહી નીકળે છે આ સાંભળીને યુવતિ તાત્કાલીક તેના પિતા પાસે પહોંચી હતી અને તેમના માથામાંથી લોહી વહી રહ્યું હોવાથી દુપટ્ટો બાંધ્યો હતો. જયારે બનાવ અંગે તેણીએ તેના મનોજને જાણ કરતા તે આવી પહોંચ્યો હતો.

જયારે આસપાસના વેપારીઓએ હુમલાખોર શખ્સને પકડી પાડી પોલીસ મથકે લઈ ગયા હતા. જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારે ડોકટર તેઓને ચકાસીને મૃત જાહેર કર્યા હતા. જયારે હત્યા કરનાર તલોદના આત્રોલી ગામનો જયદિપસિંહ દાદુભા ઝાલા હોવાનું સામે આવ્યું છે.



ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યુક્રેનમાં ફસાયેલા જિલ્લાના વિદ્યાર્થીઓ અને નાગરિકોને સ્વદેશમાં પરત હેમખમ લાવવા માટે હાથ ધરાયેલ ''ઓપરેશન ગંગા પ્રોજેક્ટ''ની જાણકારી આપવા તેમના પરિવારોની મુલાકાત લેવાનું શરૂ કર્યુ છે. જિલ્લાના માણસા તાલુકાના અજરાપુર ગામના બે વિદ્યાર્થીઓના ઘરની આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ મુલાકાત લીધી હતી.

## સચિવાલય પાસે વિરોધ કરતા વ્યકિતની અટકાયત



ગાંધીનગર સચિવાલય ગેટ નં.૧ પાસે અચાનક ભીમજીભાઈ પ્રજાપતિ બોર્ડ દર્શાવી સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શીત કરી રહ્યા હતા. તે સમયે પોલીસે તેમની અટકાયત કરી લઈ ગયા હતા.

### નમસ્કાર ગાંધીનગર
● અનુસંધાન ચોથાનું ચાલુ...

છે..વિનેશ અંતાણીની એક નવલકથાનું નામ છે 'પલાશવન' સંસ્કૃતમાં એને બીજસ્નેહ જેવું કલાસિક નામ અપાયું છે..એમ તો અમારે ત્યાં ગાંધીનગરમાં ધોધમાર જોવા મળતા ગરમાળા પણ પીળાશ પહેરી અહીં આમતેમ કયાંક નજરે ચડી જાય છે..ગરમાળાનું ફૂલ એ થાઈલેન્ડનું રાષ્ટ્રીય પુષ્પ છે એ જાણી વિસ્મય થયેલું.

તમે મુક્ત મને ધરતીના ખોળે વિહરવાનું નકકી કરો એ જ મોટી વાત છે..કેટકેટલી અજાયબીઓ એમાં ભરેલી પડી હોય છે..સવારના સમયે ઝાકળનું આવવું અને વિલાઈ જવું એ મહાભિનિષ્ક્રમણ જેવી જ ઘટના છે આમ છતાં પણ આપણે કોરાને કોરા જ રહી જઈએ છીએ... ઢોરઢાંખર અને આધુનિક ખેતસાધનોનો પરસ્પર એકબીજાનો સ્વીકાર ખેતરના શાંતિમય સહઅસ્તિત્વની પ્રાકૃતિક ઘટના જ ગણી શકાય... મને તો હરતાંફરતાં સસલાં પણ જોવા મળી જાય છે...

હરીભરી કેનાલોના કાંઠા કયારેય અતૃપ્ત હોતા નથી..કેમકે કેનાલો એ નદીઓનો વારસો છે...એનામાં નદીઓનું ખૂન એટલેકે નીર વહે છે. આપણે નદીઓને બાંધી કેનાલોમાં કટકા કરી ભરી દીધી છે. પણ એનાથી સીમને કોઈ ફરક પડયો નથી..ચાલતાં ચાલતાં મને કેટલાંય પક્ષીઓ હાય હેલ્લો કરી ગાયબ થઈ જાય છે. 'અમને પણ યાદ રાખજો' એવી કોઈ શરત વગર...સીમમાં કશુંય શરતી હોતું નથી..એ જ તો એની મજા છે...જાતજાતની કંડીશનોમાં કણસતા આપણા જેવા માણસો માટે રખડવાનો આ આનંદ એક અજાયબ લેપ છે..મલમપટ્ટો છે...

### પહેલું સુખ...
● અનુસંધાન ચોથાનું ચાલુ...

આયુર્વેદમાં આમવાતના અનેક ઔષધો આપેલ છે જેમકે અશ્વગંધા, એરંડા, હરડે, સૂંઠ, મોથ, ગૂગળ, ગળો, અજમો, આદિ.. આ ઉપરાંત આમપાચન વટી, આમવાતારિ રસ, યોગરાજ ગૂગળ આદિ યોગો પણ છે. આ બધા યોગોની અસરકારીતા વ્યક્તિની પ્રકૃતિ પર નિર્ભર કરે છે. સમજ વિના આડેધડ દેશી ઔષધો લેવાથી ફાયદો કરતા નુકસાન વધુ થાય છે. આયુર્વેદ ચિકિત્સકની સલાહ અનુસાર આપની પ્રકૃતિને અનુકૂળ એવા ઔષધો યોગ્ય માત્રામાં નિયત સમય સુધી લેવામાં આવે, અને આહાર વિહારમાં કાળજી રાખવામાં આવે તો રૂમેટોઈડ આર્થરાઈટીસ ચોક્કસ મૂળમાંથી મટી શકે છે.

(M) 9879471147

### સ-રસ
● અનુસંધાન ચોથાનું ચાલુ...

આમે ય ગ્રાહકો માટે બેંકમાં કાલ રજા છે. વસંતોત્સવ ઊજવાઈ જશે!'' જલ્પન એના કર્મચારીઓની ભાવના સમજી શકતો હતો. એણે કહ્યું, ''ક્યૂં નહીં? પાકકું....!'' કર્મચારીઓમાં ઉત્સાહ છવાઈ ગયો. ફટાફટ વેન્યૂ નક્કી થઈ ગયું, પસંદગીની વાનગીઓનું મેનૂ નક્કી થઈ ગયું અને સ્ત્રી-વૃંદમાં શું પહેરવું એની ચર્ચાઓ પણ ચાલુ થઈ ગઈ!

બીજા દિવસની રળિયામણી સાંજ ઢળી ગઈ. અંધકારના ઓળા જમીન ઉપર ઉતરવા લાગ્યા એ સાથે જ શહેરની 'વસંત-વિહાર ગાર્ડન રેસ્ટોરન્ટ'માં પ્રકાશ ફેલાઈ ગયો. બધા કર્મચારીઓ આવવા લાગ્યા. જલ્પન જરીવાલા પણ આજે ઓફિશિયલ વેઅર છોડીને ઈન્ફોર્મલ વેઅરમાં આવી ચૂક્યો હતો. ચારે બાજુ હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું હતું. 'વસંત-વિહાર રેસ્ટોરન્ટલ્લના ગાર્ડનમાં વસંત ખીલી ગઈ હતી.

અચાનક ક્યાંક કાનાફૂસી ચાલુ થઈ. જલ્પનની તેજ નજર સાથીમિત્રોનાં છૂપાં હાસ્યો, ગર્ભિત ગણગણાટ અને આંખના ઈશારાઓ માપી રહી. કોઈકે માલતીને ઈશારો કર્યો. માલતીના ચહેરા ઉપર તોફાની હાસ્ય હતું. જલ્પન તરફ આગળ વધીને એણે મસ્તીભર્યા સ્વરે કહ્યું, ''સર, અભયવચન આપો તો અમારે એક વાત કરવાની છે.''

સામે પક્ષે જલ્પન પણ આજ ''મૂડ''માં હતો. એણે કહ્યું, ''બોલો ને, તમને કોઈ દિવસ હેરાન કર્યાં છે?'' માલતી ખીલખીલાટ હસી પડી. ''હા, સર, મને જ નહીં, અહીં રહેલાં બધાંને આપની સજ્જનતાએ બહુ હેરાન કર્યાં છે! અને એટલે જ અમે નક્કી કર્યું હતું કે આપની સજ્જનતા જ્યારે અમારા દિલ પર કરવત ફેરવતી હશે ત્યારે અમારા શું હાલ થતા હશે એનો એહસાસ આપને કરાવવા અમે એક પાત્રને તૈયાર કર્યું. મહેક.....પ્લીઝ કમ..''

અને એ સાથે જ હોઠોં પર મધુર મુસ્કાન સાથે જેણે ગાર્ડનમાં પ્રવેશ કર્યો એને જોઈને જલ્પનના હોઠમાંથી સાશ્ચર્ય શબ્દો સરી પડ્યા, ''વનશ્રી....!'' કેતકી બોલી ઊઠી, ''વનશ્રી નહીં, સર, મહેક મહેતા! માલતીની ખાસ બહેનપણી! આજની તારીખ યાદ કરો, સર, પહેલી એપ્રિલ! આપને એમ હતું કે એ આપની તરફ ખેંચાઈ રહી છે. વાસ્તવમાં એ અમારો પ્લાન હતો!'' આખા ગાર્ડનમાં હાસ્યનું મોજું ફેલાઈ ગયું અને બધાં એમાં નાહી રહ્યાં સિવાય કે જલ્પન જરીવાલા! તો આ આખી સાજિશ હતી એને પ્રેમના નામે છેતરવાની! દેવદાસનું દુઃખ એ હવે ભલીભાંતિ સમજી શકતો હતો!

ઊભો થઈને એ હવે બહાર જવાની તૈયારી જ કરી રહ્યો હતો, ત્યાં મહેક મહેતાનો મધુરો સ્વર સંભળાયો, ''હા, એ વાત સાચી કે 'એપ્રિલફૂલલ્લ બનાવવાના આ આખા પ્લાનમાં હું તમારી સાથે ભળેલી હતી પણ હવે હું જ 'એપ્રિલફૂલ' બની ગઈ છું! મજાક-મજાકમાં શરૂ થયેલી આ રમતમાં હું ખરેખર જલ્પનને દિલ દઈ ચૂકી છું!''

ગાર્ડનમાં બે ઘડી શાંતિ છવાઈ ગઈ. અને પછી કેશિયર કાર્તિક કાનાણીનો મજાકિયો સૂર સંભળાયો, ''એટલે આજે બધાં જ એપ્રિલફૂલ બન્યાં છીએ! ચાલો, હવે કહો, જરીવાલાસાહેબ, વસંતોત્સવમાંથી લગ્નોત્સવ ક્યારે ઊજવાશે!''

### લાભો બંધ કરાશે
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવા ૨૫૦ કીસ્સામાં ધ્યાને આવ્યા હતા. સરકારી આવાસમાં કબજો રાખનારા વગદાર હોવાનુ પણ ધ્યાને આવે છે. જયારે તેઓ ઈવીકશન કોર્ટમાં કેસ દાખલ કરવાના મામલે પણ આ કબજેદારો બિન્દાસ્ત હોય તેવુ વલણ દાખવે છે. આ સઘળી સ્થિતિને અનુલક્ષી તંત્ર આવા કબજેદારો મકાન ખાલી કરે તેના સિવાય કોઈ બીજો વિકલ્પ રહેતો નથી. જયારે તંત્ર કોર્ટમાં કેસ કરે તો ન્યાયિક પ્રક્રીયાના લીધે અન્ય કોઈ પગલા લઈ શકતુ નથી. જેથી અરજીનો નિકાલ થવામાં સમય પસાર થતા આવાસ પણ ખાલી કરાવી શકાતા નથી આ સ્થિતિ વચ્ચે જે પણ આવાસ ઈચ્છુક કર્મચારીઓ છે તેનો તેને મકાન મળતુ નથી. જેના લીધે કર્મચારીઓમાં નારાજગી વ્યાપે છે. આ સઘળી સ્થિતિ નિવારવા માટે આવાસોને અનઅધિકૃત કબજેદારોની ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે તબક્કાવાર નવતર અને અસરકારક પગલા લેવાની દીશમાં તંત્ર આગળ વધ્યુ છે.

### અધુરા રહેશે
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવકના નવા સ્ત્રોત શું ઉભા કરે છે અને કેવી રાહતો આપી પ્રજાને આકર્ષે છે તેને લઈ સૌની નજર પંડાયેલી છે.

કરકસરની નીતિના અમલની સાથે સાથે વહીવટીતંત્રમાં ખાલી પડેલી જગ્યાઓની ભરતીને લઈ તેમજ કર્મચારીઓની કેટલીક પડતર માંગણીઓના ઉકેલની દિશામાં પણ જાહેરાતો આ બજેટમાં થશે તેમ જાણવા મળેલ છે.

સરકારનું વર્ષ-૨૦૨૨-૨૩નું અંદાજપત્ર તેમજ ૨૦૨૧-૨૨નું સુધારેલુ અંદાજપત્ર અને પૂરક માંગણીઓ આજે ગૃહમાં રજુ થશે.

### રેલવે ફાટક
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધે વિદ્યાર્થીઓ , નોકરીયાત વર્ગ સહીત આમ નાગરિકોએ અડધો કલાક ફસાઈ જવાનો વારો આવે છે. આ રૂટમાં ટુ વ્હીલર સહીત એમ્બયુલન્સ ઉપરાંત ભારે વાહનોની પણ વિશેષ અવરજવર રહે છે. આવા સંજોગોમાં ઘણીવાર દર્દીઓએ પણ દર્દથી કણસતી સ્થિતિમાં દયાજનક હાલતમાં મુકાવવુ પડે છે. વેપાર ધંધાના સમયે કીંમતી સમય બગડતા વેપારીઓ પણ આ સ્થિતિથી ગળે આવી ગયા છે. જયારે કેપિટલ સ્ટેશનનો પણ વિકાસ થતા હવે ટ્રેઈનની અવરજવર વધી છે. આવા સંજોગોમાં વારંવાર ફાટક બંધના દ્રશ્યો જોવા મળે છે. આ ઉપરાંત રાંધેજા માર્ગ પર અંદાજે એકાદ કી મી આગળ અન્ય એક રેલવે ફાટક ઉપર પણ આવી જ સ્થિતિ જોવા મળે છે. આ મામલે સ્થાનિક અગ્રણી દિપક ચૌધરીએ ડિવીઝનલ રેલવે મેનેજર રાંધેજા ધોરી માર્ગ પર આવેલ રેલવે ટ્રેક એલ સી ૯ બી થી એલ સી ૧૦ બી સુધી સમાંતર સર્વિસ રોડ બનાવવા પણ રજુઆત કરી છે. સરકાર એકબાજુ ફાટકમુકત ગુજરાતની વાત કરે છે. ત્યારે પાટનગરના સિમાડેને અડીને જ આ પ્રકારની સ્થિતિ જોવા મળે છે. પાટનગર યોજના વિભાગ દ્વારા પણ અગાઉ આ મામલે ફોરલેન માર્ગ પર સ્થિત ફાટકને પણ ફોરલેન કરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી જેના લીધે ઓછા ખર્ચે આ ટ્રાફિક જામની સમસ્યા હલ થઈ શકે તેમ છે. હાલની સ્થિતિએ ફોરલેન માર્ગ પર ટુ લેન ફાટકના લીધો બોટલ નેક ટ્રાફિકના દ્રશ્યો સર્જાય છે. આ સઘળી સ્થિતિને ધ્યાનમાં રાખી વાહનચાલકોની સમસ્યાનો અંત લાવવા માટે ત્વરિત પગલા લેવાય તે અનિવાર્ય હોવાનો પ્રબળ સુર ઉઠવા પામ્યો છે.

### ગરમી વધી
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તજજ્ઞોના મતે માર્ચ મહીનામાં હજુ ગરમીનો પારો ૪૦ ડીગ્રીની પાર થઈ જશે. વહેલી સવારે અને મોડી રાત્રે ગુલાબી ઠંડક પ્રસરે છે પરંતુ સવાર થતા સુર્યપ્રકાશની હાજરી વચ્ચે વાતાવરણમાં આકરી ગરમીનો અહેસાસ થાય છે. જો કે હજુ મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડીગ્રી વચ્ચે જોવા મળે છે. પરંતુ જે રીતે મોસમનો મિજાજ બદલાઈ રહ્યો છે તે મુજબ ગરમીના દિવસો વધુ આકરા પુરવાર થશે ઓફિસ અને ઘરોમાં અત્યારથી જ બપોરના સમયે એ સી ઓન જોવા મળે છે. શહેરમાં બદલાતા મોસમ વચ્ચે પાનખરની મોસમથી પણ જન આરોગ્ય પ્રભાવિત છે. વળતી પાનખરે જન આરોગ્યને અનુલક્ષી એલર્જીના દર્દીઓ વિશેષ રીતે પ્રભાવિત થયા છે. આજે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. બન્ને તાપમાન વચ્ચે બેવડો તફાવત રહ્યો હતો જયારે સવાર સાંજ ભેજનુ પ્રમાણ પણ ઘટીને ૪૫ થી ૨૫ ટકા થઈ જતા વાતાવરણમાં ગરમીનુ જોર વધતા ભેજ પણ ઓછો થઈ ગયો છે. માર્ચ મહીનાના આગામી દિવસોમાં હજુ ગરમીનુ પ્રમાણ વધશે જયારે આકરી ઠંડી બાદ હવે શહેરીજનોએ અસહ્ય ગરમી સહન કરવા માટે તૈયાર રહેવુ પડશે.

### ભારતની સલાહ
● અનુસંધાન પહેલાનું ચાલુ

બાબાયે અને બેઝલ્યુડોવકા તરફ આગળ વધવું જોઈએ. તમામ સંજોગોમાં તેઓએ આજે ૧૮૦૦ કલાક (યુક્રેનિયન સમય) સુધીમાં આ વસાહતો પર પહોંચી જવું જોઈએઃ ખાર્કિવમાં ભારતીયો માટે સ્ઈછ સલાહકારમાંયુક્રેનની વાયુસેના કહે છે કે બે યુક્રેનિયન મિગ -૨૯ લડવૈયાઓએ કિવ પ્રદેશ પર યુદ્ધમાં બે રશિયન વિમાનો સાથે યુદ્ધ કર્યું જેમાં બે રશિયન વિમાનો નાશ પામ્યા, યુક્રેન પણ એક ફાઈટર ગુમાવ્યું હોવાનું સ્ત્રોતે જણાવ્યું હતું.

યુક્રેનના રાષ્ટ્રપતિ કાર્યાલયના સલાહકારનું કહેવું છે કે રશિયનોએ ઈસ્કેન્ડર મિસાઈલોનો ઉપયોગ કર્યો છે.

રશિયનોએ આક્રમણમાં લશ્કરી કેડેટ્સ તૈનાત કર્યા છે; ખેરસનમાં શેરી લડાઈ ચાલુ છે.

લગભગ એક અઠવાડિયા પછી યુક્રેનની સરકારને ઝડપથી ઉથલાવી દેવાના તેના ઉદ્દેશ્યમાં મોસ્કો નિષ્ફળ જતાં, પશ્ચિમી દેશો ચિંતિત છે કે તે સરળતાથી લઈ જવાની અપેક્ષા રાખતા શહેરોમાં તેનો માર્ગ વિસ્ફોટ કરવા માટે નવી, વધુ હિંસક યુક્તિઓ તરફ સ્વિચ કરી રહ્યું છે.

તેમણે વિચાર્યું કે તે યુક્રેનમાં પ્રવેશ કરી શકે છે અને આખી દુનિયા ફરી વળશે. તેના બદલે, તે એવી તાકાતની દિવાલને મળ્યા કે જેની તેણે ક્યારેય અપેક્ષા કે કલ્પના પણ કરી ન હતીઃ તે યુક્રેનિયન લોકોને મળ્યા, યુએસ પ્રમુખ જો બાઈડને તેમના વાર્ષિક સ્ટેટ ઑફ ધ યુનિયનના સંબોધનમાં કહ્યું. રશિયન મિસાઈલ બુધવારે યુક્રેનના પશ્ચિમ-ઉત્તરમાં સ્થિત ઝાયટોમીરમાં રહેણાંક મકાન પર ત્રાટક્યું હતું.